અપીલ અરજી નં.૧૫૦ તા.૩૦–૭–૧૦/૧૧

અરજદારઃ– શ્રી ઈદ્રીશહુસેન અબ્દુલહુસેન શેખ
સામાવાળાઃ– જાહેર માહિતી અધિકારી તમામઝોન

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી ઈદ્રીશહુસેન અબ્દુલહુસેન શેખની તા.૫–૬–૧૦ની અરજીથી ગુજરાત ગેસ,ટોરન્ટ પાવર તથા અન્ય ટેલીફોન સર્વીસીસ ધ્વારા નાંખવામાં આવેલ કેબલ /ગેસ લાઈન તથા તેઓ પાસે વસુલ કરવામાં આવેલ રસ્તા ખોદાણ ચાર્જ અને વાર્ષિક ભાડા બાબતની સને–૨૦૦૮–૨૦૧૦ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૩૦–૭–૧૦ ની **SMC/FAP/** નં.૧૫૦/૨૦૧૦–૧૧

શ્રી ઈદ્રીશહુસેન અબ્દુલહુસેન શેખની તા.૫–૬–૧૦ની અરજીથી ગુજરાત ગેસ,ટોરન્ટ પાવર તથા અન્ય ટેલીફોન સર્વીસીસ ધ્વારા નાંખવામાં આવેલ કેબલ /ગેસ લાઈન તથા તેઓ પાસે વસુલ કરવામાં આવેલ રસ્તા ખોદાણ ચાર્જ અને વાર્ષિક ભાડા બાબતની સને–૨૦૦૮–૨૦૧૦ ની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સીઝેડ/ આરટીઆઈ/ આ./૪૯૨ તા.૬–૭–૧૦થી આપેલ માહિતી તથા અન્ય ઝોનમાંથી માહિતી નહીં મળ્યાના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩૦–૭–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૭૫ તા.૭–૮–૧૦ થી તમામઝોન અને જાહેર માહિતી અધિકારી તથા અરજદારને અપીલ અરજીમાં નિર્દિષ્ટ તમામઝોનના પક્ષકાર જાહેર માહિતી અધિકારી પૈકી મુળ અરજી તેમની જાણ હેઠળ તબદીલ થયેલ હોય તો તેવી માહિતી, તે પૈકી મળેલ માહિતી તથા નહીં મળેલી માહિતીની વિગત જાહેર માહિતી અધિકારી દીઠ સ્પષ્ટ કરવા તથા મુળ અરજીમાં નિર્દિષ્ટ ઠરાવની નકલ પણ સામેલ ન હોઈ સાથે મોકલવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/એપેલેટ/આરટીઆઈ/આ.નં.૨૪૬ તા.૧૦–૮–૧૦ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, સેન્ટ્રલઝોન તરફથી તમામઝોનને તબદીલ કર્યા અંગેનો પત્ર સે.ઝોન/આરટીઆઈ/જાવક/૪૭૫ તા.૨–૭–૧૦ થી તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગેના પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૨૪૬ તા.૩–૮–૧૦ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં.ડબલ્યુ.ઝેડ/આરટીઆઈ સેલ/૨૬૨ તા.૧૧–૮–૧૦ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, ફી ભર્યાની રસીદ, સેન્ટ્રલઝોનનો પત્ર નં.૪૭૫ તા.૨–૭–૧૦ નો તબદીલ અરજી પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે વેસ ટઝોન/આરટીઆઈ સેલ/૨૪૦ તા.૨–૮–૧૦ ના પત્રથી નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/ આ.નં.૫૩૫ તા.૧૬–૮–૧૦ થી પૂરક વિગતોમાં સેન્ટ્રલનો તબદીલ અરજી પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.સા.વે.ઝોન/ આરટીઆઈ/ આ.નં.૪૩૦ તા.૨૯–૭–૧૦ ના રોજ આપેલ માહિતી પત્રની નકલ અને એકનોલેજમેન્ટ સ્લીપની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ઉધના/આ.નં.૪૦૯ તા.૧૨–૮–૧૦ થી નોંધ વિભાગ, સેન્ટ્રલઝોને તબદીલ કરેલ અરજી ના પત્રની નકલ, આપેલી માહિતીના પત્ર નં.સા.ઝોન/ઉધના/આ.નં.૩૮૯ તા.૩–૮–૧૦ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન /આરટીઆઈ/આ.નં.૭૦૨ તા.૨૦–૮–૧૦ થી પૂરક વિગતોમાં અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૪૯૨ તા.૬–૭–૧૦ ના પત્રની નકલ, નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૨૦૧૭ તા.૨૫–૮–૧૦ થી પૂરક વિગતોમાં સેન્ટ્રલઝોન તરફથી તબદીલ અરજી પત્રની નકલ , સા.સ.ઠ. નં.૩૨૬/૦૮ તા.૨૩–૪–૦૮ ના ઠરાવની નકલ, નોંધ વિભાગ, અરજદારને માહિતી આપ્યા અંગેના પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૧૫૬૮ તા.૨૬–૭–૧૦ ના પત્રની નકલ તથા યુપીસી કર્યા અંગેના પુરાવાની નકલ અત્રે મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.નોર્થઝોન/આ.નં.૩૬૦૭ તા.૩૦–૮–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં નોંધ વિભાગ, સેન્ટ્રલઝોનનો તબદીલ પત્ર, અરજદારની મુળ અરજીની નકલ, ફી ભર્યાની રસીદ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.એન.ઝેડ/આ.નં.૩૧૯૪ તા.૧૩–૮–૧૦ ના પત્રની નકલ, મળેલ છે. જયારે અરજદાર તરફથી પૂરક વિગતોમાં તા.૧૧–૮–૧૦ નો પત્ર સા.સ.ઠ નં.૩૨૬/૦૮ ના ઠરાવની નકલ, અત્રે મળેલ છે.

અરજદારની તા.૫–૬–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળ માહિતી માંગતી અરજી સ ેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૪૭૫ તા.૨–૭–૧૦ થી કાર્યપાલક ઈજનેર તમામઝોનને લગભગ દિન–૨૩ ના વિલંબથી કાર્યપાલક ઈજનેર તમામઝોનને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૪૯૨ તા.૬–૭–૧૦ થી આપેલી માહિતી તથા અન્ય ઝોનમાંથી માહિતી નહીં મળ્યાના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩૦–૭–૧૦ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. ત્યાર બાદ અપીલ તબકકે અરજદારે તેમના તા.૧૫–૦૮–૧૦ ના પત્રથી સ ેન્ટ્રલઝોન ધ્વારા માહિતી મળેલ છે તે સિવાયના ઝોનની કોઈ વિગત નહીં મળવાનું કારણ સેન્ટ્રલઝોનના આરટીઆઈ અધિકારીએ સમયસર અન્ય ઝોનને તબદીલ કરેલ નહીં હોવાથી માહિતી સમય મર્યાદામાં મળેલ નથી તેવું જણાવી અપીલનો નિકાલ કરવા રજૂઆત કરેલ છે સાથે સુરત મહાનગરપાલિકાની સા.સ.ઠ.

નં.૩૨૬/૦૮ તા.૨૩–૪–૦૮ ના પત્રની નકલ રજૂ કરેલ છે. જે બાબતે જુદા જુદા ઝોનના જાહેર માહિતી અધિકારીઓ તરફથી ફોર્મેટ પત્રકમાં તેમના વિસ્તારમાં ગુજરાત ગેસ ટોરેન્ટો પાવર રીલાયન્સ ટેલી ટાટા ટેલી સર્વીસ યુ ટેલી પ્રા.લિ. તથા અન્ય ટેલીફોન સર્વીસ ધ્વારા નાંખવામાં આવેલ કેબલ/ગેસ લાઈન તથા તેઓ પાસેથી વસુલ કરવામાં આવેલ રસ્તા ખોદાણ ચાર્જ અને વાર્ષિક ભાડા બાબતની હાલમાં ઉપલબ્ધ રેકર્ડ આધારે તૈયાર કરવામાં આવેલી માહિતી પત્રક પૂરા પાડવામાં આવેલ છે. જે અંગે અરજદારને આપેલ માહિતી અંગે નિર્દિષ્ટ પત્ર ધ્વારા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૨૪૬ તા.૩–૮–૧૦ થી, ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૨૪૦ તા.૨–૮–૧૦ થી, કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર ન.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/૪૩૦ તા.૨૯–૭–૧૦ થી, કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ઉધના/આ.નં.૩૮૯ તા.૩–૮–૧૦ થી જાહેર માહિતી અધિકારી અને એડી. સીટી ઈજનેર સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૪૯૨ તા.૬–૭–૧૦ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી સા.ઈ.ઝોન/મહેકમ/૧૫૬૮ તા.૨૬–૭–૧૦ થી અરજદારને વિલંબથી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જયારે કતારગામઝોન તરફથી અત્રે મોકલેલ પૂરક વિગત જે તેમના પત્ર નં.નોર્થઝોન/૩૬૦૭ તા.૩૦–૮–૧૦ થી અત્રે મળેલ છે તે મુજબ પત્ર નં.એન.ઝેડ/આ.નં.૩૧૯૪ તા.૧૩–૮–૧૦ થી અરજદારને વિલંબથી માહિતી પૂરી પાડેલ જણાય છે. આમ તમામઝોન તરફથી અરજદારને માહિતી પૂરી પાડેલ જણાય છે. પરંતુ લીંબાયત અને અઠવાઝોન સિવાય અન્ય જાહેર માહિતી અધિકારી કક્ષાએથી માહિતી રવાના કર્યાના આધાર અત્રે મોકલેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૫–૬–૧૦ ની અરજીથી માંગેલ માહિતી તમામ ઝોનના જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને માહિતી પૂરી પડાયેલ છે. તેમ છતાં ઝોનના જાહેર માહિતી અધિકારી કક્ષાએથી રવાના કરેલ માહિતી અરજદારને મળેલ ન હોય તો લાગત જાહેર માહિતી અધિકારીનો સંપર્ક કરીને મેળવી લેવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) જાહેર માહિતી અધકારી, તમામઝોન પ્રતિ .. ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી ઈદ્રીશહુસેન અબ્દુલહુસેન શેખ,